D.Y.D.O-૯૫૭૪૬૭૮૪૦૧
ઓફિસ-૦૨૬૧-૨૪૬૫૮૦૮

ક્રમાંક/જરગઅ/ ૫૮૦૩ થી ૬૩૦૨/ ૨૦૨૨-૨૩
જિલ્લા યુવા વિકાસ અધિકારી
c/o જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સુરત
જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, પહેલો માળ,
નાનપુરા,સુરત -૩૯૫૦૦૧
તા.- ~~૨૫/૧૧/૨૦૨૨~~ ૦૫/૧૨/૨૨

પ્રતિ,

(૧) આચાર્યશ્રી પ્રાથમિક, માધ્યમિક/ઉ.મા.શાળાઓ, તમામ સુરત ગ્રામ્ય.

(૨) પ્રિન્સિપાલશ્રી, આર્ટ્સ/કોમર્સ/સાયન્સ/કૃષિ કોલેજો તથા અન્ય ફેકલ્ટી કોલેજો તમામ, સુરત ગ્રામ્ય.

(૩) સ્વામી વિવેકાનંદ યુવા મંડળ, સુરત જિલ્લો તમામ.

વિષય:- જિલ્લા કક્ષા યુવા ઉત્સવ અને જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૨૨-૨૩ના કાર્યક્રમ આયોજન બાબત.

સંદર્ભ: ૧) .કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના પત્ર ક્રમાંક:- યસપ/યબ/ તા.જિ.ઉ/ ૨૦૨૨-૨૩/૧૭૪૫૫-૧૭૫૨૧. તા.૨૭/૦૬/૨૦૨૨ ના પત્ર અન્વયે.
૨). કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના પત્ર ક્રમાંક:-યસપ/સંસ્કૃતિ/૨૦૨૧-૨૨ /ગ૧ /૨૮૫૯૩ ૨૮૬૯૩. તા.૦૩/૦૯/૨૦૨૨.

જયભારત સહ ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષે સુરત ગ્રામ્યની "જિલ્લા કક્ષા યુવા ઉત્સવ" તથા "જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા" અત્રેની કચેરી દ્વારા યોજનાર છે. જિલ્લાકક્ષાની બન્ને સ્પર્ધાઓ **આદર્શ પ્રાથમિક શાળા, બાબેન. તા.બારડોલી જિ.સુરત** ખાતે યોજનાર છે. જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે. આપની શાળા/સંસ્થામાંથી અગાઉથી પ્રવેશપત્રો ભરેલ કલાકાર/સ્પર્ધકોને **તા-૦૯/૧૨/૨૦૨૨ ના રોજ સવારે ૦૮:૩૦ કલાકે** સ્પર્ધા સ્થળે રૂબરુ હાજર રહી રિપોર્ટીંગ કરાવવા અંગેની સુચના આપવા વિનંતી.

વધુમાં જણાવવાનું કે, **"જિલ્લા કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા" માં તાલુકા કક્ષાએ પ્રથમ આવનાર કલાકારો/સ્પર્ધકોએ** ભાગ લેવાનો રહેશે અને "જિલ્લા કક્ષા બાળ- પ્રતિભા શોધ સ્પર્ધા" માં જે સ્પર્ધકો/કલાકારો દ્વારા અગાઉથી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી સુરત ગ્રામ્ય ખાતે પ્રવેશપત્રો જમા કરાવ્યા છે, તે જ સ્પર્ધકો/કલાકારો ભાગ લઈ શકશે.

બિડાણ:- ઉપરોક્ત સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ દર્શાવતુ પત્રક.

જિલ્લા યુવા વિકાસ અધિકારી
સુરત

<u>સવિનય નકલ રવાના જાણ સારૂ</u>

(૧) માન.કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર.
(૨) માન. કલેકટરશ્રી, સુરત.
(૩) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત.
(૪) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
(૫) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત.

<u>નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી કરવા સારૂ.</u>

૧) આચાર્યશ્રી, આદર્શ પ્રાથમિક શાળા, બાબેન. તા.બારડોલી જિ.સુરત.

## વિગતવાર કાર્યક્રમ

| જિલ્લા કક્ષા સ્પર્ધા | વિભાગ | વય મર્યાદા (વય મર્યાદા તા:૩૧/૧૨/૨૦૨૨ને ધ્યાને રાખવી) |
|---|---|---|
| બાળ પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૨૨-૨૩ | અ - વિભાગ | ૦૭ વર્ષથી ઉપરના અને ૧૦ વર્ષ સુધીના |
| | બ - વિભાગ | ૧૦ વર્ષથી ઉપરના અને ૧૩ વર્ષ સુધીના |
| | ખુલ્લો વિભાગ | ૦૭ વર્ષથી ૧૩ વર્ષ સુધીના |
| યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૨૨-૨૩ | અ - વિભાગ | ૧૫ વર્ષથી ઉપરના અને ૨૦ વર્ષ સુધીના |
| | બ - વિભાગ | ૨૦ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના |
| | ખુલ્લો વિભાગ | ૧૫ વર્ષથી ૨૯ વર્ષ સુધીના |

**-: નોંધ :-**

તમામ સ્પર્ધકે પોતાની જન્મતારીખ પ્રમાણે લાગુ પડતા વિભાગમાં જ ભાગ લેવાનો રહેશે. સ્પર્ધાના કોઈપણ તબક્કે ખોટા વિભાગમાં ભાગ લીધેલ હોવાનું માલુમ પડ્યેથી જે-તે સ્પર્ધકને તે સ્પર્ધામાંથી રદ્દ-બાતલ કરવામાં આવશે. જે બાબતે સ્પર્ધક કે શાળા/સંસ્થાની કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી.

**સવારે ૮.૩૦ કલાકેથી રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનું રહેશે.**

**સ્પર્ધા સ્થળ : આદર્શ પ્રાથમિક શાળા, બાબેન. તા.બારડોલી જિ.સુરત, તારીખ-૦૯/૧૨/૨૦૨૨**

| ક્રમ | સ્પર્ધાનું નામ | યુવા ઉત્સવ | બાળ પ્રતિભા | સ્થળ | સમય |
|---|---|---|---|---|---|
| ૧ | નિબંધ | 'અ' / 'બ' વિભાગ | 'અ' / 'બ' વિભાગ | બિલ્ડીંગ -૦૨ ક્લાસ રૂમ નં.૦૭ | ૦૯:૦૦ થી શરૂ |
| ૨ | પાદપૂર્તિ | 'બ' વિભાગ | [redacted] | બિલ્ડીંગ -૨. ક્લાસ રૂમ નં.૧૦ | ૦૯:૦૦ થી શરૂ |
| ૩ | ગઝલ,શાયરી લેખન | 'બ' વિભાગ | [redacted] | | |
| ૪ | કાવ્યલેખન | 'બ' વિભાગ | [redacted] | | |
| ૫ | ચિત્રકલા | 'અ' / 'બ' વિભાગ | 'અ' / 'બ' વિભાગ | ક્લાસ રૂમ નં.૦૮ અને ૦૯ | ૦૯:૦૦ થી શરૂ |
| ૬ | સર્જનાત્મક કારીગરી | ખુલ્લો વિભાગ | 'અ' / 'બ' વિભાગ | બાળ ભવન લોબી | ૦૯:૦૦ થી શરૂ |
| ૭ | દોહા,છંદ,ચોપાઇ | 'બ' વિભાગ | ખુલ્લો વિભાગ | બિલ્ડીંગ -૨. ક્લાસ રૂમ નં.૦૩ | ૦૯:૦૦ થી શરૂ |
| ૮ | લોકવાર્તા | ખુલ્લો વિભાગ | ખુલ્લો વિભાગ | | ક્રમશ: |
| ૯ | વકતૃત્વ સ્પર્ધા | 'અ' / 'બ' વિભાગ | 'અ' / 'બ' વિભાગ | બિલ્ડીંગ -૨. ક્લાસ રૂમ નં.૦૯ | ૦૯:૦૦ થી શરૂ |
| ૧૦ | એકપાત્રીય અભિનય | 'અ' / 'બ' વિભાગ | 'અ' / 'બ' વિભાગ | ક્લાસ રૂમ નં.૧૦ | ૦૯:૦૦ થી શરૂ |
| ૧૧ | લોકનૃત્ય | [redacted] | ખુલ્લો વિભાગ | માલ્યાવંશી સમાજ હોલ | ૦૯:૦૦ થી શરૂ |
| ૧૨ | સમુહગીત | ખુલ્લો વિભાગ | ખુલ્લો વિભાગ | | ક્રમશ: |
| ૧૩ | હળવું કંઠય સંગીત | 'અ' / 'બ' વિભાગ | [redacted] | પ્રાર્થના હોલ | ૦૯:૦૦ થી શરૂ |
| ૧૪ | ભજન | ખુલ્લો વિભાગ | ખુલ્લો વિભાગ | | ક્રમશ: |
| ૧૫ | લગ્નગીત | 'બ' વિભાગ | 'અ' / 'બ' વિભાગ | ક્લાસ રૂમ નં.૧૨ | ૦૯:૦૦ થી શરૂ |
| ૧૬ | લોકગીત | [redacted] | ખુલ્લો વિભાગ | ક્લાસ રૂમ નં.૦૩ | ૦૯:૦૦ થી શરૂ |
| ૧૭ | લોકવાદ્ય સંગીત | 'અ' / 'બ' વિભાગ | 'અ' / 'બ' વિભાગ | બાળ ભવન ક્લાસ રૂમ નં.03 | ૦૯:૦૦ થી શરૂ |

## સ્થાનિક સંપર્ક :-

| કન્વીનરશ્રીનું નામ | સહ કન્વીનરશ્રીનું નામ | સ્પર્ધાલક્ષી માહિતી માટે નીચેના નંબર પર સંપર્ક કરવો |
|---|---|---|
| શ્રી ભાવેશભાઈ (આચાર્ય)<br>આદર્શ પ્રાથમિક શાળા, બાબેન | શ્રી ચિતરંજનભાઈ નાટેકર<br>મો.૯૮૯૮૦૧૯૫૭૧ | શ્રી વિષ્ણુભાઈ ચૌધરી<br>(પ્રાં.યુ.વિ.અ., સુરત ગ્રામ્ય)<br>મો. ૮૧૬૦૯૯૩૬૦૬ |

**ખાસ સૂચના:-**

- તમામ સ્પર્ધક, સહાયક, શાળા અને સંસ્થાઓએ સ્પર્ધા સ્થળે સમયસર હાજર રહેવુ. સ્પર્ધા સ્થળ / સમયમાં ફેરફાર કરવાનો હક આયોજકોને રહેશે.
- દરેક સ્પર્ધકે પોતાનું અસલ આધારકાર્ડ અવશ્ય સાથે રાખવું.
- સ્પર્ધાને લગતી સંગીત વાદ્યોની વ્યવસ્થા સ્પર્ધકે પોતે કરવાની રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. પરિણામ બાબતે કોઇ તકરાર કે દલિલ કરી શકાશે નહીં કે કોર્ટમાં પડકારી શકાશે નહીં.
- સ્પર્ધા સ્થળે પ્રાપ્ત વ્યવસ્થાઓનો જ ઉપયોગ કરવામાં આવશે. નવેસરથી કોઇપણ ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે નહીં.
- યુવા ઉત્સવ અને બાળ પ્રતિભા શોધ સ્પર્ધાના “વક્તૃત્વ” સ્પર્ધાના વિષયો સ્પર્ધાના ૨૪ કલાક પહેલાં શ્રી વિષ્ણુભાઈ ચૌધરી (પ્રાં.યુ.વિ.અ. સુરત ગ્રામ્ય) મો.૮૧૬૦૯૯૩૬૦૬ પાસેથી મેળવી લેવાના રહેશે.

જિલ્લા યુવા વિકાસ અધિકારી
સુરત